Saarth E-Journal

**Saarth** E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X | Impact Factor
Peer Reviewed | Quarterly
Vol.8 No.02 | July-Aug-Sep 2023

# મુન્શી મહિલા બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતાં મહિલા પ્રશિક્ષણાર્થીનીઓની આર્થિક અને સામાજિક સમસ્યાઓને ઓળખવાનો એક અભ્યાસ

ઝેબુન્નીશા હમીદમીયા સૈયદ

## પ્રસ્તાવના

શિક્ષણ વિકાસ મુખતાનો પાયો છે.કોઈપણ રાષ્ટ્રના ઘડતરમાં વૈજ્ઞાનિકો, સાહિત્યકારો, ઉદ્યોગપતિઓ, અર્થશાસ્ત્રીઓ ઈજનેરો, શ્રમિકો સૌ પોત-પોતાની રીતે મહત્વનો ભાગ ભજવે છે. રાષ્ટ્રોકર્ષ કામ માટે વ્યક્તિઓને સજ્જ કરવાની જવાબદારીતો શિક્ષણ અને શિક્ષકની છે. આથી જ શિક્ષકને રાષ્ટ્રનો ઘડવૈયો કહેવામા આવે છે.

શિક્ષક-પ્રશિક્ષણએકકાર્યક્રમ છે.જે શિક્ષકનીપ્રાવિણ્ય અને યોગ્યતાના વિકાસ માટે શિક્ષકની જરૂરિયાત પૂરી કરી તેમનું સશક્તિકરણ કરે છે.વિશ્વનાબધાજ રાષ્ટ્રો એ શિક્ષણને મહત્વ આપ્યું છે કારણકે રાષ્ટ્રના કર્મધારોનો ભાગ્ય વર્ગખંડમાં ઘડાય છે. વર્ગખંડમાં શિક્ષણની ગુણવત્તા તેના શિક્ષક પર આધારિત હોય છે. શિક્ષણના વિકાસની સાથે શિક્ષણનું સ્તર પણ ઊંચું જાય છે. ભૂતકાળમાં શિક્ષણ પ્રક્રિયા અનૌપચારિક હતી. પરંતુ વર્તમાનમાં તેને એક વ્યાવસાયિક પ્રવૃતિ માનવમાં આવે છે. તેના માટે શિક્ષક પ્રશિક્ષિત હોવો અનિવાર્ય છે. પરંતુ હાલના શિક્ષણ પ્રશિક્ષણ કાર્યક્રમના બદલાયેલા સ્વરૂપને જોતાં વ્યક્તિએ શિક્ષક બનવાની પ્રક્રિયામાંથી પસાર થતાં સુધી ઘણી બધી આર્થિક, સામાજિક સમસ્યાઓમાંથી પસાર થવું પડે છે.જેમકે પ્રવેશ પ્રક્રિયા, ફીનું ઊંચું ધોરણ, શિક્ષણ માટે દૂર ના સ્થળે જવું,હોસ્ટેલમાં રહેવું,રિત-રિવાજ વિરુધ્ધ વિવિધ પ્રવૃતિમાં ભાગ લેવો,માઇક્રો લેશન, શાળા પાઠ, વિવિધ સબમિશન, ફિલ્ડવર્ક, ક્રિયાત્મક સંશોધન, સહ અભ્યાસિક પ્રવૃતિઓવગેરે જેવા કાર્યો કરવામાં પ્રશિક્ષણાર્થીને કઈ-કઈ સમસ્યાઓ નડે છે તે જાણવું અનિવાર્ય બને છે.

## સમસ્યા કથન અને શબ્દોની પરિભાષા

શિક્ષક પ્રશિક્ષણ સંસ્થામાં અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓ આવતીકાલના શ્રેષ્ઠ શિક્ષક બનવાના હોય છે. કોઠારી કમિશનના વિધાન મુજબ “ભારતનું ભવિષ્ય તેના વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે અને તે ભવિષ્યને ઘડનાર શિક્ષક હોય છે”. શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની નડતી સમસ્યાઓને જાણીનેતેનો ઉકેલ શોધવામાં આવેતો પ્રશિક્ષણાર્થીઓ પોતે શ્રેષ્ઠ કક્ષાનું શિક્ષણ મેળવે અને સમાજને ઉપયોગી થાય.સંશોધક શિક્ષક પ્રશિક્ષણ મહિલા સંસ્થામાં અધ્યાપક તરીકે સેવા બજાવે છે માટે શિક્ષક-પ્રશિક્ષણનો અનુભવ છે. તેથી મહિલા પ્રશિક્ષણાર્થીઓની આર્થિક, સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરી શિક્ષણ પ્રશિક્ષણ વધારે ગુણવત્તાસભર બને તે આશયથી પ્રસ્તુત વિષય પસંદ કરેલ છે. સંશોધકે ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને નીચેની સમસ્યા પસંદ કરી છે .

**મુન્શી મહિલા બી.એ કોલેજમાં અભ્યાસ કરતાં મહિલાપ્રશિક્ષણાર્થીઓની આર્થિક અને સામાજિક સમસ્યાઓનો અભ્યાસ**

## પારિભાષિક શબ્દોનો અર્થ :

## શિક્ષક-પ્રશિક્ષણ નો સૈદ્ધાંતિક અર્થ:

કે.જી.દેસાઇ (1984) શિક્ષકપ્રશિક્ષણ એટલે શિક્ષણના ધંધા માટે આવશ્યક લાયકાતો અથવા શિક્ષકના ધંધામાં પ્રવેશ પામેલાને પોતાની જ્વાબદારીઓ વધુ સારી રીતે અદા કરવા જરૂરી આવડતો મેળવવા આપવામાં આવતી ઔપચારિક કે અનૌપચારિક પ્રવૃતિઓ અને અનુભવોનો સમૂહ.શૈક્ષણિક કાર્ય માટે તૈયાર કરવા માટેની સંસ્થામાં નક્કી કરેલી પ્રવૃતિઓ અને અનુભવોનો કાર્યક્રમ.

### વ્યવહારુ અર્થ :

પ્રસ્તુત સંશોધનમાં મુન્શી મહિલા બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતી પ્રશિક્ષણાર્થીનીઓ લેવામાં આવી કે જેમને માધ્યમિક શિક્ષક બનવા માટેપ્રશિક્ષણ આપવામાં આવે છે.

## આર્થિક સમસ્યાનો સૈધ્ધાંતિક અર્થ :

ભગવદ ગોમંડળ (2007) મુજબ આર્થિક એટલે પૈસા સંબંધિત જેમાં કઈક હેતુ સમાયેલો હોય.સમસ્યા એટલે કોયડો, સંકેત. આમ,આર્થિક સમસ્યા એટલે પૈસા સંબંધિત સમસ્યા .

### વ્યવહારુ અર્થ :

પ્રશિક્ષણાર્થીને પુસ્તક ખરીદવા,ગણવેશ માટે,ફી ભરવા માટે,પરિવહન નો ખર્ચ,શાળા પાઠ આપવામાટે શાળામાં જવું,સાંસ્કુતિક કાર્યક્રમો કરાવવા માટે કરવો પડતો ખર્ચ,સંબંધિતવગેરે માટે પડતી નાણાંની મૂશ્કેલીઓને પ્રસ્તુત સંશોધનમાં આર્થિક સમસ્યા તરીકે ગણવામાં આવેલ છે.

## સામાજિક સમસ્યાનો સૈધ્દ્રાંતિક અર્થ :

ભગવદ ગોમડળ(2007) મુજબ સામાજિક સમસ્યા એટલે સમાજ સંબંધિત સમસ્યા.

વ્યવહારુ અર્થ : પ્રસ્તુત સાંસોધનમાં સામાજિક સમસ્યા એટલે શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થામાં અભ્યાસ કરતાં મહિલા પ્રશિક્ષણાર્થીનીઓને નડતી સમાજ સંબંધિત સમસ્યા. રીતરિવાજ, પરંપરા, સંસ્કૃતિ, માન્યતાઓ, સામાજિક પરિવર્તનમાં અસંતુલન, સાંસ્કૃતિક સંઘર્ષ, કૌટુંબિક વિઘટન, ઝડપી શહેરીકરણ, સ્થળાંતર, ભાષાકીય સમસ્યા, વસ્તીગીચતા વગેરે સમસ્યા.

## અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત સંશોધનની મદદથી મુન્શી મહિલા બી.એડ્ કોલેજમાંઅભ્યાસ કરતી મહિલા પ્રશિક્ષણાર્થીઓની આર્થિક, સામાજિક સમસ્યાઓઅન્ય સમસ્યાઓ જેવીકે મનોવૈજ્ઞાનિક સમસ્યા, ગાણિતિક સમસ્યા, ભાષાકીય સમસ્યા, દાર્શનિકસમસ્યા, ટેક્નોલોજિકલ સમસ્યા, વ્યાવસાયિક સમસ્યા, જીવનના મૂલ્યો સંબંધિત સમસ્યાઓળખી શકાશે. અને આ સમસ્યાઓના ઉકેલ અંગે માર્ગદર્શન આપી શકાશે.

## અભ્યાસના હેતુઓ

**(1)** મુન્શી મહિલા બી.એ કોલેજમાં અભ્યાસ કરતાં મહિલા પ્રશિક્ષણાર્થીનીઓની આર્થિક સમસ્યા જાણવી.

(2) મુન્શીમહિલા બી.એડ્. કોલેજમાંઅભ્યાસ કરતાંમહિલાપ્રશિક્ષણાર્થીનીઓની સામાજિક સમસ્યાજાણવી.

## અભ્યાસના પ્રશ્નો

## આર્થિક સમસ્યા સંબંધિત પ્રશ્નો

(1) પ્રશિક્ષણાર્થીનીઓનીમાતા-પિતાની આવક બી.એ નાઅભ્યાસક્રમનાખર્ચનેપહોચીવળવા જેટલી છે?

(2) સમગ્ર અભ્યાસક્રમ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓને પુસ્તકો મેળવવામાં કેટલો ખર્ચ થાય છે?

(3 ) ઈ. પી. સી ની પ્રવૃતિ કરવામાં પ્રશિક્ષણાર્થીઓને કેટલો ખર્ચ થાય છે ?

## સામાજિક સમસ્યા સંબંધિત પ્રશ્નો

**(**1) પ્રશિક્ષણાર્થીને મિત્રો સાથેના સંબંધો જાળવવામાં કઈ -કઈ મુશ્કેલીઓ પડે છે?

(2) પ્રશિક્ષણાર્થીઓને અધ્યાપકો સાથે સારા માનવીય સંબંધો જાળવવામાં કઈ -કઈ મુશ્કેલીઓ પડે છે?

(3) મહિલા તાલીમાર્થીઓને કયા પ્રકારના વ્યસનની ટેવ છે?

## અભ્યાસનું ક્ષેત્રવ્યાપ અને અભ્યાસની મર્યાદાઓ

**<u>અભ્યાસ</u>નો વ્યાપ**: મુન્શી મહિલા બી.એ કોલેજ,ભરુચના ગુજરાતી માધ્યમના વર્ષ 2021-22 પ્રથમ અને દ્વિતીય વર્ષ બી.એ માં અભ્યાસ કરતાં મહિલા પ્રશિક્ષણાર્થીનીઓ પ્રસ્તુત સંશોધનનો વ્યાપ છે.

**<u>અભ્યાસ ક્ષેત્ર:</u>** મુન્શી મહિલા બી.એડ્. કોલેજ,ભરુચમાં અભ્યાસ કરતા મહિલા પ્રશિક્ષણાર્થીનીઓની આર્થિક અને સામાજિક સમસ્યા લેવામાં આવશે.

**<u>ક્ષેત્રમર્યાદા:</u>** પ્રસ્તુત સંશોધનમાં મુન્શી મહિલા પ્રશિક્ષણાર્થીનીઓનો સમાવેશ કરવામાં આવશે. અભ્યાસનો વ્યાપ વિશ્વ અને નમૂનો વ્યાપવિશ્વ પ્રસ્તુત અભ્યાસ મુન્શી મહિલા બી.એડ્ કોલેજની વર્ષ2021-2022બી.એડના પ્રથમ વર્ષના 47 અને બીજા વર્ષમાં 36 પ્રશિક્ષણાર્થીનીઓ,આમ કુલ 83 પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ કરાયો હતો.

**નિદર્શ પસંદગી** : પ્રસ્તુત અભ્યાસમાં પ્રશિક્ષણ સંસ્થાના પ્રશિક્ષણાર્થીઓ પાસેથી માહિતી એકત્રિત કરવાની હોવાથી વ્યાપ વિશ્વ એ જ નમૂનો રાખેલ હતો.સ્તરીકૃત યાદચ્છિક નમૂના પધ્ધતિનો ઉપયોગ કરાયો હતો.

**અભ્યાસની પધ્ધતિ** : પ્રસ્તુત અભ્યાસમાં સંશોધનકર્તાએ તજજ્ઞો પાસેથી માર્ગદર્શન મેળવ્યા બાદ"સર્વેક્ષણ" પધ્ધતિ દ્વારા કાર્ય કરવાનું નક્કી કરવામાં આવ્યું. સંશોધન ઉપકરણપ્રસ્તુત સંશોધનમાં પ્રશિક્ષણ સંસ્થાના પ્રશિક્ષણાર્થીનીઓ માટે પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણ :** પ્રશિક્ષણાર્થીઓ પાસેથી માહિતી એકત્રીકરણ માટે ગૂગલ ફોર્મ દ્વારા પ્રશ્નાવલિ ભરાવવામાં આવી. માહિતીનું પૃથક્કરણ:ગૂગલ ફોર્મ દ્વારા પ્રાપ્ત માહિતીની સરાસરી કાઢીને ટકાવારી ગણવામાં આવી.

**<u>અભ્યાસના તારણો</u>**

**આર્થિક સમસ્યાના તારણો**

1. 65.00 ટકા પ્રશિક્ષણાર્થીનીઓનો પરિવાર બી.એ ની ફી ભરવા જેટલી આવક ધરાવે છે. 72.28 ટકા પ્રશિક્ષણાર્થીઓ માતા-પિતાની મદદથી આ ફી ની રકમ ભરે છે. 54.21 ટકા ની આર્થિક પરિસ્થિતી નબળી હોવાથી બી.એ ની ફી ભરવામાં મુશ્કેલી અનુભવે છે.
2. 56.62 ટકા પ્રશિક્ષણાર્થીઓ બી.એ માં જૂના પુસ્તકો વાપરે છે. કારણકે 59.57 ટકા પ્રશિક્ષણાર્થીના માતા-પિતાની આવક ઓછી હોવાનું જાણવા મળેલ છે. 50.62 ટકા પુસ્તકો ખરીદવા માટે રૂ.500થી ઓછો ખર્ચ કરે છે. 42.16 ટકા ના માટે ખર્ચો વધી જતાં તેઓ નાણાકીય મુશ્કેલી અનુભવે છે.
3. 71.08 ટકા ના મતે ઘરમાં પરિવારની સ્થિતિ સારી ના હોવાથી તેઓ ઈ.પી.સી માં ઓછા ખર્ચે થતી પ્રવૃતિઓ કરે છે. 37.34 ટકા રૂ.500થી ઓછો ખર્ચ કરે છે. જેમાં ઈપીસી માં વધુ ખર્ચ થતો હોવાનું 42.16 ટકા એ જણાવેલ છે.

**સામાજિક સમસ્યાના તારણો**

1. 83.13 ટકા પ્રશિક્ષણાર્થીનીઓ કોલેજમાં મિત્રો સાથે આવે છે. 73.91 ટકાના જણાવ્યા અનુસાર તેઓ તેમનો સંપર્ક મોબાઈલ દ્વારા કરે છે. 39.75 ટકાના અનુસાર સામના અભાવે તેમને મિત્રો સાથેના સંબંધો જાળવવામાં મુશ્કેલી અનુભવે છે.
2. 98.79 ટકાપ્રશિક્ષણાર્થીનીઓ ના મતે તેઓ અધ્યાપકો સાથે સારા માનવીય સંબંધો જાળવે છે.46.98 ટકા અનુસાર અધ્યાપકો તાલીમાર્થીઓ સાથે મિત્રતા ઓછી રાખે છે. 49.39 ટકા ના અનુસાર જો અધ્યાપકો તરફથી અપૂરતું સહકાર મળે તો તાલીમાર્થીને વિશેષ જ્ઞાન મેળવવામાં મુશ્કેલી પડે છે.
3. 72.28 ટકા પ્રશિક્ષણાર્થીનીઓના મતે તેમને કોઈ વ્યસન નથી.60.86 ટકાના માટે તેમને ચા કે કોફી પીવાની ટેવ છે. જેને લીધે પડતી મુશ્કેલીઓમાં 34.93 ટકા ના મતે તેમને કોલેજની કેન્ટીનમાં ચા કે કોફી,ગરમ નાસ્તો અને બપોરે જમવાનું મળતું ના હોવાથી મુશ્કેલી પડે છે.

**<u>સંશોધનના સૂચનો :</u>**

**આર્થિક સમસ્યા સંબંધિત સૂચનો**

1. બી.એડ્. અભ્યાસક્રમ અંગે ફી માં ઘટાડો કરવો જોઈએ.
2. અભ્યાસક્રમના પુસ્તકો કોલેજના પુસ્તકાલયમાં પૂરતા પ્રમાણમાં વસાવવા જોઈએ.

3. અભ્યાસક્રમ સંબંધિત પુસ્તકો ઓનલાઈન મૂકવા જોઈએ. જેથી પ્રશિક્ષણાર્થીઓ પુસ્તકો પી.ડી. એફ સ્વરૂપે વાંચી શકે.

**સામાજિક સમસ્યા સંબંધિત સૂચનો**

1. પ્રશિક્ષણાર્થીનીઓમાં મિત્રતાના ગુણોનો વિકાસ થાય તે માટે સામાજિક બાબતો તેમજ સાંસ્કૃતિક બાબતોમાં ભિન્નતા લાવવાના પ્રયત્ન કરવા જોઈએ.
2. અધ્યાપકોએ શૈક્ષણિક કાર્યમાં એકસૂત્રતા જાળવવી જોઈએ.
3. પ્રશિક્ષણ સંસ્થાઓમાં કેન્ટીનની સુવિધા હોવી જોઈએ. જેમાં ચા-કોફી તેમજ ગરમ નાસ્તો મળવો જોઈએ. તેમજ બપોરે જમવાની સુવિધા પણ હોવી જોઈએ.

**ભાવિ આનુષાંગિક સંશોધનો**

1. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોમાં અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓ અને ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (આઇ આઇ ટી ઈ)ગાંધીનગર સંસ્થામાં અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓની આર્થિક,સામાજિક અને શૈક્ષણિક સમસ્યાઓ સંદર્ભે તુલનાત્મક અભ્યાસ
2. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોમાં અભ્યાસ કરતાં લઘુમતી જાતિના મહિલા પ્રશિક્ષણાર્થીઓ અને અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિની મહિલા પ્રશિક્ષણાર્થીઓની જુદા -જુદા વિષયની શૈક્ષણિક સિધ્ધિઓનો તુલનાત્મક અભ્યાસ

**ઉપસંહાર**

પ્રસ્તુત સંશોધનમાં પ્રશિક્ષણ સંસ્થામાં અભ્યાસ કરતાં મહિલા પ્રશિક્ષણાર્થીઓની આર્થિક અને સામાજિક સમસ્યાઓ મેળવવામાં આવી. આ સમસ્યાના ઉકેલ શૈક્ષણિક સંસ્થાઓને અને સરકારને ઉપયોગી થશે તેવી સંશોધકને આશા છે. તેથી પ્રશિક્ષણાર્થીઓની આર્થિક અને સામાજિક ગુણવત્તામાં સુધારો થશે.

**સંદર્ભ સૂચિ**

ઉચાટ,ડી.એ (2012). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર. (દ્વિતીય આવૃતિ).રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

દેસાઇ કે જી અને એચ જી દેસાઇ, સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ,યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ-1984

પટેલ હસમુખભાઇ એસ.,સામાજિક સમસ્યાઓ, રચના પ્રકાશન, અમદાવાદ,બીજી આવૃતિ,વર્ષ-1969

**માર્ગદર્શક સંશોધક**

| | |
|---|---|
| ડૉ. ડાહ્યાભાઇ એમ.પટેલ | ઝેબુન્નીશા હમીદમીયા સૈયદ |
| પ્રોફેસર | પીએચ.ડી સ્કૉલર |
| શિક્ષણ વિદ્યાશાખા (IASE) | શિક્ષણ વિદ્યાશાખા (IASE) |
| ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ-09 | ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-09 |

A Study of to Identify Economicand Social problemsof TeacherTrainee studying in the MunshiMahilaB.Ed.College